## MSU ખાતે મતદાન જાગૃતિ સપ્તાહની ઉજવણી કરાઈ

# વિદ્યાર્થીઓએ 'કોઈ મતદાર છુટે નહીં' થીમ પર 8x8ની રંગોળી તૈયાર કરી

### સિગ્નેચર કેમ્પેઈન, લેક્ચર સિરીઝ્ સહિતના કાર્યક્રમોનું આયોજન

સંદેશ




MSUની ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજી ખાતે ગત તા.૨૧ નવેમ્બરથી મતદાન જાગૃતિ સપ્તાહની ઉજવણી શરુ કરવામાં આવી છે. જેમાં આજે વિદ્યાર્થીઓ દ્વારા કોઈ મતદાર છુટે નહીં થીમ પર ૮ બાય ૮ ફુટની વિશાળ રંગોળી બનાવવામાં આવી છે.

જે વિશે ફેકલ્ટી ડીન આર.સી.પટેલે કહ્યું હતું કે, હાલ વિધાનસભાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે. ત્યારે શહેરમાંથી ૧૦૦ ટકા મતદાન થાય તે વિશે લોકોમાં જાગૃતિ લાવવા અમે મતદાન જાગૃતિ સપ્તાહની ઉજવણી શરુ કરી છે. જેમાં પ્રથમ દિવસે યોજાયેલાં સિગ્નેચર કેમ્પેઈનમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જ્યારે બીજા દિવસે પોસ્ટર મેકિંગ કોમ્પિટિશનનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પાવર ઈઝ ઈન યોર ફિંગર, વોટ ફોર એ બેટર ઈન્ડિયા, મારો મત કિંમતી મત, અવર વોટ અવર વોઈસ, બેલેટ ઈઝ સ્ટ્રોન્ગર ધેન બુલેટ, વન વોટ કેન રૉક ધ બૉટ જેવાં સ્લોગન સાથે વિદ્યાર્થીઓએ ક્રિએટીવ પોસ્ટર્સ બનાવ્યાં હતા.

જ્યારે ૨૫થી વધુ વિદ્યાર્થીઓએ મળીને કોઈ મતદાર છુટે નહીં થીમ પર ૮X૮ ફુટની વિશાળ રંગોળી બનાવી હતી. આગામી દિવસોમાં લેક્ચર સિરિઝ, સેલ્ફી પોઈન્ટ સહિતના કાર્યક્રમો યોજાશે.